# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

આજરોજ માન. કેન્દ્રીય મંત્રી,જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે સુરત મહાનગરપાલિકાના રૂ.૬૭૩.૧૨ કરોડના વિકાસકાર્યોના ૧૫ પ્રકલ્પોના લોકાર્પણ, રૂ.૨૪૭.૮૦ના કુલ વિકાસકાર્યોના ૨૯ પ્રકલ્પો ખાતમુર્હુત મળી રૂ. ૯૨૦.૯૨ કરોડના કુલ - ૪૪ વિકાસકાર્યોના પ્રકલ્પોના લોકાર્પણ /ખાતમુહૂર્ત તેમજ **Corporate Social Responsibility ( CSR )** અંતર્ગતના પ્રકલ્પોના ખાતમુહૂર્ત, બમરોલી/ડીંડોલી ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૦.૧૦ એમએલડી ક્ષમતાનો સુએઝ ટુ પોટેબલ વોટર પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાના અને ડુમસ સી ફેસ પ્રોજેકટ ખાતે ૦.૧૦ એમએલડી ક્ષમતાનો સોલાડ ગ્રીડ બેઇઝડ હાઇબ્રીડ મોડલ ડીસેલીનેશન પ્લાનટ પ્રસ્થાપિત કરવાના પ્રકલ્પો/વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમુર્હુત ડુમસ સી ફેઝ,દરિયા ગણેશ મંદિર પાસે,ડુમસ ,સુરત ખાતેથી સંપન્ન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. કમિશનર શ્રી એમ. નાગરાજન ,આઇ.એ.એસ એ ઉપસ્થિત તમામ મહાનુભવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે આજે સુરત શહેર માટે ઐતિહાસિક દિવસ છે. તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ માન. કેન્દ્રીય મંત્રી,જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે ડુમસ સી ફેઝ ડેવલપમેન્ટ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ અને તેઓના જ વરદહસ્તે આજરોજ આ પ્રકલ્પનું લોકાર્પણ કરવામાં આવનાર છે. માન. કેન્દ્રીય મંત્રી,જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલ ડુમસની તેઓની વર્ષો જુની યાદો તથા મુલાકાત વિશે સંક્ષિપ્ત માહિતી આપી અને આ પ્રકલ્પ સફળતાપૂર્વક સાકારિત કરવા માટે માન. કેન્દ્રીય મંત્રી,જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલ અને માન. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીનો આભાર વ્યકત કર્યો હતો.વધુમાં સ્વચ્છતામાં અગ્રતાક્રમ મેળવવામાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર સુરત મહાનગરપાલિકાના સ્વચ્છતાકર્મીઓને વગર વ્યાજની લોનની સુવિધા તથા સુરત મહાનગરપાલિકાએ તેમના કાર્યકાળ દરમ્યાન મેળવનાર વિવિધ સિધ્ધી વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં માન. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે સુરત મહાનગરપાલિકાની ટીમને સર્વાંગી વિકાસ માટે કરેલ કામીગીરી તથા સુરત શહેરને સદર ડુમસ સી ફેઝ તથા અન્ય વિવિધ પ્રકલ્પોની ભેટ આપવા બદલ તથા મ્યુ. સદસ્યશ્રીઓની સફળતાપૂર્વક ઐતિહાસિક પાંચ વર્ષ પૂર્ણ થવા બદલ તથા સુરતના વિવિધ ખુણામાં વિવિધ લોકકલ્યાણકારી પ્રકલ્પોની ભેટ આપવા બદલ સુરતીઓ અને શહેરના નાગરિક તરીકે હું સુરત મહાનરપાલિકાની ટીમનો આભાર વ્યકત કરૂ છું. વધુમાં તેમણે સુરત મહાનગરપાલિકા ધ્વારા આજરોજ લોકાર્પિત થયેલ પીવાના શુધ્ધ પાણીની સુવિધા માટે બનાવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતના વિવિધ પ્રકલ્પો વિશે માહિતી આપી અને આગામી સમયમાં ડુમસ સી ફેઝ પ્રોજેકટ પર સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે માન. કેન્દ્રીય મંત્રી,જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યુ કે છેલ્લા ધણાં વર્ષો સુધી સુરત શહેરનો સ્વચ્છતા સર્વેક્ષણમાં બીજો અને ત્રીજો નંબર આવતો હતો ત્યારબાદ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટકોર કરી ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની અધિકારી કર્મચારી

અને મ્યુ.સદસ્યશ્રીઓએ  તથા સુરત શહેરના નાગરિકો અને સ્વચ્છતાદૂતોના અથાગ મહેનત બાદ સુરત શહેરે અન્ય શહેર કરતા વધુ માર્કસ મેળવી સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમાંક મેળવેલ. જેમાં શહેરીજનો અને સ્વચ્છતાદૂતોનો અમુલ્ય ફાળો છે જે માટે તેઓને અભિનંદન પાઠવ્યા વધુમાં સુરત મહાનગરપાલિકાની નવી બની રહેલ આઇકોનિક ઓફિસ  બિલ્ડીંગ,આગામી ૫૦ વર્ષની સુરત શહેરની વસ્તીને શુધ્ધ પાણીની સુવિધા આપવાની તૈયારી,રેઇન વોટર હાર્વેસ્ટિંગ,જળસંચય માટે સરકારશ્રી મારફત ફાળવવામાં આવેલ બજેટની માહિતી આપી તથા સુરતના વિવિધ ઝોનમાં સાકારિત રૂ.૬૭૩.૧૨ કરોડના પ્રકલ્પો શહેરીજનો માટે ખુલ્લા મૂક્યા હતા. જેમાં રાંદેર ખાતે રૂ. ૨૭૧.૬૩ કરોડના ખર્ચે ૧૬૦ MLDક્ષમતાનો આધુનિક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભેસ્તાન અને પાલનપોર-ભેંસાણ ખાતે રૂ.૫૫ કરોડથી વધુના ખર્ચે સાકારિત આધુનિક આવાસો તેમજ રૂ.૫૬ કરોડના ખર્ચે ૬.૩ મેગાવોટ ક્ષમતાનો વિન્ડ પાવર પ્લાન્ટ, લિંબાયત અને ગોપીપુરામાં કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કર્યું હતું. વિકાસની ગતિને વેગ આપતા રૂ.૨૪૭.૮૦ કરોડના ખર્ચે સાકાર થનાર વિવિધ કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઉધના અને વેસ્ટ ઝોનમાં સિમેન્ટ કોંક્રિટના આધુનિક રસ્તાઓ, સરથાણા વિસ્તારમાં વેજીટેબલ માર્કેટ અને મહારાણા પ્રતાપ ગાર્ડનનું રિ-ડેવલપમેન્ટ, સીમાડા-સરથાણા જંક્શન પર ફ્લાય ઓવરબ્રિજ નીચે રેમ્પનું બાંધકામ, નવનિર્મિત વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક અને સુએજ પંપીંગ સ્ટેશનોની સુવિધાનું ખાતમુહૂર્ત કરાયું હતું.

ડુમસ સી ફેસ ડેવલપ કરવાના પ્રોજેકટ ધ્વારા દરરોજ અંદાજિત ૨૫,૦૦૦ સહેલાણીઓ મુલાકાત લઇ શકશે તેમજ નાના બાળકોને રમવા માટેનો  કિડ્સ પ્લે એરિયા, મરાઇન થીમ બેઇઝ સાથેનો પ્રોમીનાડ, સાયકલ ટ્રેક, વોક-વે સ્કલ્પચરો જેવી સુવિધાઓનો લાભ લઇ શકશે. આ પ્રોજેકટમાં ગરબા, લગ્ન પ્રસંગ, પતંગ મહોત્સવ, એકસીબીશન જેવા ઇવેન્ટો થઇ શકે તે માટેનું ઇવેન્ટ ગ્રાઉન્ડ, બીચ વોલીબોલ જેવી  દરિયા  કિનારે રમી શકાય તેવી રમતો માટેનું અર્બન બીચ, એકી સાથે ૨૦૦ થી ૨૫૦ માણસો યોગા કરી શકે તે માટેનું યોગા ગ્રાઉન્ડ , મલ્ટી લેવલ મીકેનાઇઝ કાર પાર્કિંગ  બિલ્ડીંગ,ખાણી-પીણીની સુવિધા માટે કાફે, બેસવાની સુવિધા માટે અરાઇવલ પ્લાઝા, લાઇટીંગ પ્રોજકશન જેવી સુવિધાઓનો સમાવેશ કરેલ છે. ભારતીય નૌસેના ધ્વારા આપવામાં આવેલ INS SURAT ના મોડલને પ્રભાવી રીતે વધુમાં વધુ લોકો  નિહાળી શકે હેતુસર યુધ્ધ જહાજની પ્રતિકૃતિ ઇન્સટોલ કરવામાં આવેલ છે.

ઉપરાંત, અન્ય લોકપર્ણના કામો જેવા કે, રાંદેર  વિસ્તારમાં ૨૫૦ અને ૧૬૦ એમએલડી ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ બુસ્ટર હાઉસ ૧૦૯ લાખ  લિટર ક્ષમતાવાળા આરસીસી અંડરગ્રાઉન્ડ સર્વિસ  રિઝર્વોયર બનાવવાથી સલામત, સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાવાળુ પીવાના પાણીની સુવિધાનો સુરત શહેરના અંદાજે ૧૬ લાખ નાગરિકો લાભ લઇ શકશે.  વેસુ  વિસ્તારમાં ૧૦૯ લાખ લીટરની અંડરગ્રાઉન્ડ ટાંકીથી અંદાજીત ૧.૨૦ લાખ વસ્તીને જરૂરીયાત મુજબના જથ્થા અને પ્રેશરથી પાણી પુરવઠાનો લાભ લઇ શકશે. પ્રધાનમંત્રી આવાસ યોજના ધ્વારા પાલનપોર-ભેંસાણ  વિસ્તારમાં ૫૮૮ કુટુંબોને (અંદાજે ૩૦૦૦ નાગરિકોને)  તેમજ ભેસ્તાન ખાતે ૭૯૨ કુટુંબોને (અંદાજે ૪૦૦૦ નાગરિકોને) સસ્તા દરે પોતાની માલિકીનું ધર પૂરુ પાડી શકાશે. જેનાથી આર્થિક રીતે નબળા વર્ગના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન અને જીવનધોરણમાં સુધારો થઇ શકશે. ૬.૩ મેગાવોટ ક્ષમતાના  વિન્ડ પાવર પ્લાન્ટ  સ્થાપિત કરવાથી સુરત શહેરની કુલ  વિન્ડ પાવર ૪૫ મેગાવોટ થશે.જેનાથી દર વર્ષે અંદાજે ૧૦.૩૭ કરોડ જેટલી વીજબીલની બચત થઇ શકશે. તેમજ ગોપીપુરા,ગોડાદરા-લિંબાયત  વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ, વરાછા  વિસ્તારમાં શાકભાજી માર્કેટ અને મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનું કામ,સરથાણા નેચરપાર્કની  દિવાલને

લાગુ ટી.પી.રોડની જગ્યામાં વોક-વે બનાવવાનું કામ,ઉત્રાણ રેલ્વે ઓવરબ્રીજની નીચે સ્પોર્ટસ ફેસીલીટી ડેવલપ કરવાનું કામ વિગેરે પ્રકલ્પોનું પણ લોકાપર્ણ કરવામાં આવેલ છે.

રાંદેર ઝોનમાં જહાંગીરપુરા-પીસાદ વિસ્તારમાં ૨૪.૦૦ મી ના ટી.પી. રસ્તાને, ઉધના વિસ્તારમાં બુડીયા ગામ તરફ જતા રસ્તાને, વડોદ વિસ્તારમાં ડુંડી એસ.ટી.પી. રોડને, ચોસઠ જોગણી મંદિર થી રાયકા સર્કલ રોડને, મહાલક્ષ્મી નગર સર્કલ થી મઢીની ખમણી સુધીના રોડને સી.સી. રોડ તરીકે ડેવલપ કરવાનું કામ, વરાછા વિસ્તારમાં પૂણા ખાતે કોમ્યુનીટી હોલ બનાવવાનું તેમજ પરવટ પાટિયા જંકશનથી પૂજન પ્લાઝા વનમાળી જંકશન સુધીના બી.આર.ટી.એસ કેનાલવાળા રસ્તા ઉપર વોક-વે અને એરિયા ડેવલપ કરવાનું કામ, અશ્વનીકુમાર-નવાગામ, ફૂલપાડા ખાતે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું કામ, ફૂલપાડા ખાતે યોગ સ્ટુડીયો બનાવવાનું કામ, મોટા વરાછા અને ઉત્રાણ વિસ્તારમાં વિવિધ રોડને કારપેટ/રીકારપેટ કરવાનું કામ, નવી ફૂટપાથ, રોડ ડીવાઇડર, વોટર ટેબલ, રોડ સ્ટડસ, રોડ સાઇનેજીસ, ટ્રાફિક સેફટી મેઝર્સ સહિત બનાવવાનું કામ, પાસોદરા ખાતે વાંચનાલય બનાવવાનું કામ, સરથાણા-સીમાડા સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રકચર ખાતે વેજીટેબલ માર્કેટ બનાવવાનું કામ, અધ્યતન વાહન ડેપો બનાવવાનું કામ, મહારાણા પ્રતાપ ગાર્ડનને રી-ડેવલપ કરવાનું કામ, પાસોદરા ખાતે પાર્ટી પ્લોટ બનાવવાનું કામ, જહાંગીરપુરા વિસ્તારમાં વિશાલા રેસ્ટોરન્ટ થી કેનાલ સુધીના રસ્તાને તેમજ એમ.વી. સર્કલ થી નિરવાણા શોપર્સ સુધીના રસ્તાને સી.સી.રોડ બનાવવાનું કામ, જહાગીરપુરા વિસ્તારમાં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનું કામ, સીમાડા-સરથાણા જંકશન ફલાયઓવર બ્રીજ ઉપર ઉતરતા તેમજ ચઢતા રેમ્પ બનાવવાનું કામ, અબ્રામાં વિસ્તારમાં ડી.આઇ.રાઇઝીંગ મેઇન લાઇન નાંખવાનું કામ, નોર્થ ડ્રેનેજ ઝોનમાં ઉમરા ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ, વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા વિસ્તારમાં RCC NP3/ NP4 વર્ગના પાઇપો પુરા પાડી ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ,કતારગામ વિસ્તારમાં રમત ગમતનું મેદાન બનાવવાનું કામ, ઉમરવાડા સ્થિત સ્મીમેર હોસ્પિટલના ચોથા માળે આવેલ ઓપરેશન થીયેટરોને મોડયુલર ઓટીમાં અપગ્રેડ કરવાનું કામ આમ વિવિધ પ્રકારના પ્રકલ્પો / વિકાસકાર્યો કામોના ખાતમુર્હુત કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, માન. ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈ, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ડે.મેયર નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનભાઈ પટેલ, માન. દંડક, શાસકપક્ષ શ્રી ધર્મેશ વાણીયાવાલા, માન. પૂર્વ મેયર શ્રી નિરજંનભાઇ ઝાંઝમેરા, માન. પૂર્વ મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા , માન. પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઇ પટેલ , માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમા ચાર યાદી નં. ૬૧૩ , તા.૦૮/૦૩/૨૦૨૬